# કેપી સોલારીઝમ ખાતે હલદરવા જેટકો ડિવિઝનની સેફ્ટી મીટિંગ યોજાઇ




**ધબકાર પ્રતિનિધિ, વાગરા, તા. ૧૦**

આમોદના સુડી સ્થિત કેપી સોલારીઝમ ખાતે જેટકોના હલદરવા ડિવિઝનની સેફ્ટી મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત કર્મચારીઓને સલામતી અંગેના વિવિધ મુદ્દાઓ પર વિસ્તારથી સમજ આપવામાં આવી હતી. કેપી સોલારીઝમ પાર્કમાં જેટકોના હલદરવા ડિવિઝન ની સેફ્ટી મિટિંગ એક્ઝિક્યુટિવ ઈજનેર એ. પી. ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

શૂન્ય અકસ્માત થાય એ બાબતને ધ્યાને લઈ સેફ્ટી મિટિંગ રાખવામાં આવી હતી. આ તબક્કે ઉપસ્થિત કર્મચારીઓને જેટકો ના નિષ્ણાત અધિકારીઓ એ. પી. ભાભોર, એમ. કે. શેખ, વિજય ગામીત અને એ. વી. ભગતે સુરક્ષાને લગતી વિશેષ માહિતી આપી હતી.

આ પ્રસંગે સોલારીઝમના અધીકૃત ઓફિસરે સુરક્ષા સંદર્ભે હાજર કર્મીઓને સરળ ભાષામાં સમજ આપી હતી. આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ એમ. જી. ગઢવી, કેપી ગ્રુપના અબરાર શેખ અને સમીર ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.